www.chipsairexp.com
પરદેશ પાર્સલ સેવા
CHIPS
Express
અટરીયા, ધ બિઝનેસ હબ, શોપ નં. B-32, 'KH-0', સરગાસણ ૪ રસ્તા, ગાંધીનગર. M. 9227706105
chipsgnd@gmail.com

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૨૨૦ | ૧૯ ઓક્ટોબર, ૨૦૧૮, શુક્રવાર; આસો સુદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

**ટ્રમ્પ સરકાર એચ-૧બી વિઝા નિતીમાં ફેરફાર કરશે**

અમેરિકામાં ડોનાલ્ડ ટ્રમ્પની રાષ્ટ્રપ્રમુક તરીકે વરણી બાદ મોટાપાયે ફેરફાર કરવામાં આવી રહ્યાં છે. ત્યારે અમેરિકા ટૂંક સમયમાં એચ -૧ બી વિઝા નીતિમાં ફેરફાર કરશે. ટ્રમ્પ એડમિનિસ્ટ્રેશને વિઝા નીતિમાં કેટલાક બદલાવ કરવાની દરખાસ્ત મોકલી છે.

**સીબીએસઈ સ્કૂલોમાં હવે રમતગમતનો વિષય ફરજિયાત રહેશે**

કેન્દ્રીય માનવ સંસાધન વિકાસ મંત્રાલયે દેશભરમાં નવી શાળાઓમાં CBSE સંલગ્ન પ્રક્રિયામાં ધરમૂળથી ફેરફાર કર્યા છે. વિદ્યાર્થીઓને જ્ઞાન વધારે મળે એની પર ભાર મૂકવામાં આવ્યો છે. આ જાહેરાત કેન્દ્રીય માનવ સંસાધન વિકાસ પ્રધાન પ્રકાશ જાવડેકરે પત્રકાર પરિષદમાં કરી હતી.

**શ્રીલંકાના પીએમ ભારતના ૩ દિવસીય પ્રવાસે**

શ્રીલંકાના વડાપ્રધાન રાનિલ વિક્રમસિંઘે ભારતમાં ત્રણ દિવસના પ્રવાસે આવવાના છે. વિક્રમસિંઘે શનિવારે વડાપ્રધાન મોદી સાથે કેટલાક મહત્વના મુદ્દા પર વાતચીત કરશે.

**માર્ક ઝુકરબર્ગને ફેસબુકના સીઈઓ પદેથી દૂર કરવાનો પ્રસ્તાવ**

ફેસબુક માટે હવે નવી મુશ્કેલી આવી રહી છે તેના શેરહોલ્ડરો કંપની સ્થાપક અને ચેરમેન માર્ક ઝુકરબર્ગને હટાવવા ઈચ્છે છે.

# રામ મંદિરના નિર્માણ માટે કાનૂન લાવો : ભાગવત

**શક્ય તેટલી વહેલી તકે રામ જન્મભૂમિ ઉપર મંદિર બનાવવા સૂચન : વિજ્યાદશમી પહેલા સંબોધનમાં ઘણા મુદ્દાઓ ઉઠાવ્યા : ભગવાન રામ કોઇ એક સંપ્રદાયના નથી : બાબરે મંદિર તોડ્યાના પુરાવા મળી ચુક્યા : ભાગવત**



નાગપુર,તા. ૧૮

વિજયાદશમીથી પહેલા પોતાના સંબોધનમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના પ્રમુખ મોહન ભાગવતે આજે ફરી એકવાર રામ મંદિરના નિર્માણની અપીલ કરી હતી. ભાગવતે કહ્યું હતું કે, મંદિરના મુદ્દા ઉપર ચાલી રહેલી રાજનીતિને ખતમ કરીને તરત જ રામ મંદિરનું નિર્માણ થવું જોઈએ. તેમણે કહ્યં હતું કે, જો જરૂર પડે તો સરકારે આના માટે કાનૂન બનાવવાની જરૂર છે. ૨૦૧૯ની ચૂંટણી માટે ઝડપી બની રહેલી રાજકીય ગતિવિધિઓ વચ્ચે મોહન ભાગવતે આ નિવેદન કરીને નવો મુદ્દો છેડી દીધો છે. સંઘ પ્રમુખે કહ્યું હતું કે, બાબરે રામ મંદિરને તોડી પાડ્યું હતું અને અયોધ્યામાં રામ મંદિરના પુરાવા પણ મળી ચુક્યા છે. હવે આ મામલો કોર્ટમાં ચાલી રહ્યો છે પરંતુ આ મામલો કેટલો ચાલશે તેને લઈને કહેવું મુશ્કેલ છે.

આ મામલામાં રાજનીતિ આવી ગઈ છે જેથી મામલો ખેંચાઈ ગયો છે. રામ જન્મભૂમિ ઉપર વહેલી તકે મંદિર નિર્માણ થવું જોઈએ. આ પ્રકરણ ઉપર રાજનીતિ થવી જોઈએ નહીં. મોહન ભાગવતે મંદિર બનાવવાની માંગ ઉઠાવતા પરોક્ષરીતે મોદી સરકારને પણ સલાહ આપી હતી. ભાગવતે કહ્યું હતું કે, ભગવાન રામ કોઈ એક સંપ્રદાયના નથી. તે ભારતના પ્રતિક તરીકે છે. સરકારને કોઈપણ રીતે કાનૂન લાવીને મંદિરનું નિર્માણ કરવું જોઈએ.

● અનુસંધાન પાન-૭ પર

## યુપી-ઉત્તરાખંડના પૂર્વ મુખ્યમંત્રી એન. ડી. તિવારીનું અવસાન

**જન્મદિવસના દિવસે જ નિધન થયું : સમર્થકોમાં આઘાત**



નવી દિલ્હી, તા. ૧૮

કોંગ્રેસના દિગ્ગજ નેતા અને ઉત્તરપ્રદેશ તથા ઉત્તરાખંડના પૂર્વ મુખ્યમંત્રી નારાયણ દત્ત તિવારીનું આજે અવસાન થયું હતું. નારાયણ દત્ત તિવાર ૯૨ વર્ષના હતા. આંધ્રપ્રદશના ગવર્નર રહી ચુકેલા એનડી તિવારી આજના દિવસે જ જન્મ્યા હતા. એટલે કે આજે તેમનો જન્મદિવસ પણ હતો. દિલ્હીના સાકેત સ્થિત મેક્સ હોસ્પિટલમાં નારાયણ દત્ત તિવારીએ અંતિમ શ્વાસ લીધા હતા. એનડી તિવારી ઉત્તરાખંડના નૈનીતાલમાં જન્મ્યા હતા. છેલ્લા થોડાક મહિનાથી તેમન તબિયત સારી ન હતી. તિવારીનું આજે લાંબ માંદગી બાદ અવસાન થયું હતું. તિવારી તેમના પત્નિ ઉજ્જવલા અને પુત્ર રોહિત શેખરને છોડીને ગયા છે. તિવારીને વિકાસપુરુષ તરીકે પણ ગણવામાં આવતા હતા. તેમના બ્રેઈન સ્ટોકનો હુમલો થયો હતો ત્યારબાદ ગયા વર્ષે ૨૦મી સપ્ટેમ્બરના દિવસે દિલ્હીની સાંકેત હોસ્પિટલમાં ખસેવામાં આવ્યા હતા. ૧૨મી ઓક્ટોબર સુધી હોસ્પિટલના આઈસીયુમાં રહ્યા હતા. ૧૮મી ઓક્ટોબર ૧૯૨૫ના દિવસે જન્મેલા નારાયણ દત્ત તિવારી ઉત્તરપ્રદેશના ત્રણ વખત મુખ્યમંત્રી બન્યા હતા. ઉત્તરાખંડમાં તેઓ પ્રથમ ચૂંટાયેલા મુખ્યમંત્રી બન્યા હતા. માર્ચ ૨૦૦૨થી માર્ચ ૨૦૦૭ સુધી ઉત્તરાખંડના તેઓ ફરી મુખ્યમંત્રી બન્યા હતા.

# અકબરના માનહાનિ કેસમાં ૩૧મીએ વધુ સુનાવણી

**અકબરના કેસની પટિયાલા કોર્ટે નોંધ લીધી : એમજે અકબરના વકીલ તરફથી કરાયેલી તર્કદાર દલીલો**

નવી દિલ્હી, તા. ૧૮

પટિયાલા હાઉસ કોર્ટે પત્રકાર પ્રિયા રામાણી સામે એમજે અકબર દ્વારા દાખલ કરવામાં આવેલા માનહાનિના કેસની ગંભીર નોંધ લીધી હતી અને આ મામલામાં હવે ૩૧મી ઓક્ટોબરના દિવસે સુનાવણી કરવાનો નિર્ણય કર્યો હતો. પ્રિયા રામાણીએ ૨૦ વર્ષ અગાઉ તેની સાથે જાતિય સતામણી કરવાનો આક્ષેપ કર્યો હતો. આ મામલામાં હવે વધુ સુનાવણી હાથ ધરવામાં આવનાર છે. એડિશનલ ચીફ મેટ્રો પોલિટન મેજિસ્ટ્રેટ સમર વિશાલ દ્વારા વરિષ્ઠ વકીલ ગીતા લુથરાની રજૂઆત ઉપર વિચારણા કરવામાં આવી હતી. ગીતા લુથરા એમજે અકબરનો કેસ લડી રહ્યા છે. અકબરે રામાણીના જુદા જુદા આક્ષેપોનો ઉલ્લેખ કરીને કહ્યું છે કે, છેલ્લા ૪૦ વર્ષના ગાળામાં તેમની જે પ્રતિષ્ઠા રહેલી છે તેને નુકસાન પહોંચાડવાનું કામ કરવામાં આવ્યું છે. લુથરાએ કોર્ટને કહ્યું હતું કે, પ્રિયાએ ફરિયાદીની સામે અનેક અયોગ્ય ટ્વિટ કર્યા છે. તેમણે કહ્યું હતું કે, ઈન્ટરનેશનલ અને નેશનલ મિડિયામાં આર્ટીકલ્સ પણ લખવામાં આવ્યા છે. જ્યાં સુધી રામાણી આને ખોટા સાબિત કરશે નહીં ત્યાં સુધી તેમની સામે કેસ રહેલો છે. ફરિયાદમાં ગંભીર પ્રકારની વાત કરવામાં આવી છે. એમજે અકબરે બુધવારના દિવસે વિદેશ રાજ્યમંત્રી તરીકે રાજીનામુ આપી દીધું હતું. તેમની સામે રામાણી અને અન્ય અનેક મહિલાઓ દ્વારા સતામણી અને જાતિય છેડતીના આક્ષેપો બાદ રાજીનામુ આપ્યું હતું.

# જેટમાં હિસ્સેદારી ખરીદવા તાતા ગ્રુપની તૈયારી

**મોટી હિસ્સેદારી ખરીદવાને લઇને વાતચીતની પ્રક્રિયા શરૂ : નરેશ ગોયેલની જેટ એરવેઝ પાયલોટોના પગાર અને કર્મચારીઓના પગારની ચુકવણીને લઇને પણ પરેશાન**

નવીદિલ્હી, તા. ૧૮

દેશની સૌથી મોટી બિઝનેસ



કંપની ટાટા ગ્રુપ કંપનીએ સંકટગ્રસ્ત જેટ એરવેઝમાં મોટી હિસ્સેદારી ખરીદવા માટે શરૂઆતી વાપસી કરી છે. આ મામલાની માહિતી ધરાવનાર લોકોએ કહ્યું છે કે, જેટ એરવેઝમાં હિસ્સેદારી ખરીદીને જેટને બચાવવાના પ્રયાસ કરવામાં આવશે. નરેશ ગોયેલની જેટ એરવેઝ પાયલોટોના પગાર આપવામાં વિલંબ થતાં હાલત કફોડી બનેલી છે. અન્ય કર્મચારીઓને પગાર ચુકવવામાં પણ તકલીફ થઈ રહી છે. આવી સ્થિતિમાં આવી સ્થિતિમાં આ એવિએશન કંપની પોતાની હિસ્સેદારી વેચવાની ફિરાકમાં છે પરંતુ તાતા ગ્રુપની પેરેન્ટ કંપની તાતા સન્સ ઈચ્છે છે કે, જેટના મેનેજમેન્ટની પ્રક્રિયા તેના હાથમાં રહે. તાતા બે જોઈન્ટ વેન્ચર્સ મારફતે એવિએશન સેક્ટરમાં પહેલાથી જ એન્ટ્રી કરી ચુકી છે. સિંગાપોર એરલાઈન્સ સાથે તે પ્રથમ વેન્ચર કરી ચુકી છે જે વિસ્તરાનું સંચાલન કરે છે. જ્યારે બીજા વેન્ચર તરીકે એર એશિયાનું સંકલન કરે છે. વિસ્તરા ફુલ સર્વિસ કેરિયર છે જેની જેટ સાથે સીધી ટક્કર રહેલી છે. જેટની સાથે ડિલ થશે તો તાતાને વધારે રુટ, વધારે વિમાનો અને વધારે માર્કેટ હિસ્સેદારી મારફતે પોતાના એવિએશન બિઝનેસને મજબૂત કરવામાં મદદ મળશે. તાતા સન્સના પ્રવક્તાએ આ અહેવાલ પર ટિપ્પણી કરવાથી ઈન્કાર કરી દીધો છે જ્યારે જેટ એરવેઝના પ્રવક્તાએ આ રિપોર્ટને સંપૂર્ણપણે અટકળ તરીકે ગણાવીને આને રદિયો આપ્યો છે. મેનેજમેન્ટના અધિકારો અને જેટના ચેરમેન નરેશ ગોયલના ભાવિમાં ભૂમિકા જેવા કેટલાક જટિલ મામલાઓથી ડિલની વાતચીત લાંબી ખેંચાઈ શકે છે. અલબત્ત બંને પક્ષો આ વાતચીતને આગળ વધારવા માટે ઈચ્છુક છે. નરેશ ગોયલ અને તેમના પત્નિ અનિતાની પાસે જેટના ૫૧ ટકા શેર રહેલા છે. તેઓએ ટીપીજીની સાથે એક દોરની વાતચીત કરી લીધી છે પરંતુ કન્ટ્રોલિંગ અધિકારોને લઈને વાતચીત આગળ વધી શકી નથી.

## સ્ટેચ્યુ ઓફ યુનિટીનું નિર્માણ કાર્ય પૂરજોશમાં



## પેટ્રોલના ભાવમાં ૨૧ અને ડીઝલમાં ૧૧ પૈસાનો ઘટાડો

**બે સપ્તાહ બાદ તેલ કિંમતોમાં ફરીવાર ઘટાડો : પેટ્રોલ અને ડીઝલ કિંમતમાં અવિરત વધારો કરાયા બાદ ફરી એકવાર ઘટાડો કરાતાં મોંઘવારી વચ્ચે લોકોને રાહત**

નવી દિલ્હી,તા. ૧૮

તેલ કિંમતોમાં અવિરત કરવામાં આવી રહેલા વધારા વચ્ચે આજે સામાન્ય લોકોને મોંઘવારી વચ્ચે આંશિક રાહત થઈ હતી. કારણ કે સતત ભાવમાં વધારો કરવામાં આવ્યા બાદ આઈ પેટ્રોલ અને ડીઝલની કિંમતમાં ક્રમશ ૨૧ પૈસા અને ડઝલમાં ૧૧ પૈસાનો ઘટાડો કરવામાં આવ્યો હતો. ત્યારબાદ દિલ્હીમાં પેટ્રોલની કિંમત ૮૨.૬૨ થઈ ગઈ છે. પાંચમી ઓક્ટોબરના દિવસે કેન્દ્ર સરકાર અને ભાજપ શાસિત રાજ્ય સરકારોએ પેટ્રોલ અને ડીઝલની કિંમતમાં ૨.૫૦-૨.૨૫૦ રૂપિયાનો ઘટાડો કર્યો હતો. આશરે બે સપ્તાહ બાદ ફરી એકવાર ઘટાડો કરવામાં આવ્યો છે. બુધવારના દિવસે કિંમતો યથાવત રાખવામાં આવ્યા બાદ આજે ગુરૂવારે આંશિક ઘટાડો કરવામાં આવ્યો હતો. મંગળવારના દિવસે પેટ્રોલની કિંમતમાં ૧૧ પૈસા અને ડીઝલની કિંમતમાં ૨૪ પૈસાનો વધારો કરવામાં આવ્યો હતો. પાંચ રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણી બિલકુલ નજીક પહોંચી છે ત્યારે ભાવ વધારાના કારણે મોદી સરકારની મુશ્કેલીમાં વધારો થઈ શકે છે. સાથે સાથે ચૂંટણીમાં ફટકો પણ પડી શકે છે. ઓપિનિયન પોલના તારણો પણ આવી રહ્યા છે. રાજસ્થાન, મધ્યપ્રદેશ, તેલંગાણા અને છત્તીસગઢમાં વિધાનસભાની ચૂંટણી હવે યોજાનાર છે. જેના પરિણામસ્વરુપે ભાવ વધારા મુદ્દે સરકારની મુશ્કેલી વધી શકે છે. દેશમાં જુદી જુદી ચીજોના ભાવમાં વધારો થઈ રહ્યો છે. મોંઘવારીના કારણે લોકો ચોક્કસપણે પરેશાન દેખાઈ રહ્યા છે. આવી સ્થિતીમાં મોદી સરકાર પાંચ વર્ષ પણ સત્તામાં પૂર્ણ કરી રહી છે. જેથી તેમની સામે શાસન વિરોધી લહેર ઉભી ન થાય તે બાબતની કાળજી મોદી સરકારને ચોક્કસપણે કરવી પડશે. જુદા જુદા સમુદાયના લોકો પણ હાલમાં નારાજ દેખાઈ રહ્યા છે.

# સ્ટેચ્યુ ઓફ યુનિટીના લોકાર્પણ માટે ચાલતી તડામાર તૈયારીઓ

**સરદાર પટેલની વિશ્વની સૌથી ઉંચી પ્રતિમા ભારત દેશની એકતાનો પરિચય આપે છે : મુખ્યમંત્રી રૂપાણી**

ગાંધીનગર, તા.૧૮

સ્ટેચ્યૂ ઓફ યુનિટીના લોકાર્પણને હવે ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે. ત્યારે આજે



સીએમ વિજય રૂપાણી અને ડેપ્યુટી સીએમ નીતિન પટેલે સ્ટેચ્યૂ ઓફ યુનિટીના લોકાર્પણની તૈયારીઓનું નિરીક્ષણ કર્યું હતું. આ સાથે જ અધિકારીઓ સાથે કામગીરીની તૈયારીનું પ્રેઝેન્ટેશન નિહાળ્યું હતું અને ટેન્ટ સિટીની મુલાકાત પણ લીધી હતી. આ પ્રસંગે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું હતું કે, સરદાર પટેલની વિશ્વની આ સૌથી ઉંચી પ્રતિમા ભારત દેશની એકતાનો પરિચય આપે છે. વિશ્વભરના લોકો તેને નિહાળવા અહીં આવશે ત્યારે વિદેશી મહેમાનો માટે પણ ટુરીઝમના દ્રષ્ટિકોણથી ખાસ વ્યવસ્થા અને સુવિધાઓ ઉપલબ્ધ બનાવવામાં આવશે. વિશ્વની સૌથી ઉંચી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટી હાલ તૈયાર છે. જેનું લોકાર્પણ ૩૧ ઓક્ટોબરના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદી કરશે. જેને લઈને તડામાર તૈયારીઓ ચાલી રહી છે, ત્યારે કેન્દ્રમાંથી અને રાજ્યની સચિવોની તમામ ટીમોએ આવી જરૂરી કામગીરીનું નિદર્શન કરી રિપોર્ટ મુખ્ય મંત્રીને આપ્યો હતો. હવે તૈયારીના આખરી ઓપની સમીક્ષા કરવા સીએમ વિજય રૂપાણી અને ડેપ્યુટી સીએમ નીતિન પટેલ સરદાર સરોવર નર્મદા ડેમ અને સ્ટેચ્યુની મુલાકાત લેવા કેવડિયા કોલોની પહોંચ્યા હતા. જ્યાં સર્કિટ હાઉસ ખાતે બેઠક યોજી પ્રેઝન્ટેશન નિહાળ્યું હતું.

**હવે રેલ્વેમાં સામાન્ય માણસને પણ રેલ્વે સૈલૂનની સેવાનો લાભ મળશે**

રેલવેના મોટા અધિકારીઓ માટે ઉપયોગમાં લેવામાં આવતી રેલવે સૈલૂનમાં હવે સામાન્ય માણસને પણ આ સેવાનો લાભ મળશે. રેલ મંત્રી પીયૂષ ગોયલે IRCTCને નિર્દેશ આપવામાં આવ્યો છે. હવે રેલવેના અધિકારીઓ માટે ઉપયોગમાં લેવામાં આવતી આ સેવાનો કમર્શિયલ ઉપયોગ થશે. એટલેકે સામાન્ય માણસ પણ આ સેવાનો લાભ લઈ શકશે, પણ આ માટે પૈસા ચુકવવાનાં રહેશે.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય